| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૬.૦° સે. | ૨૩.૦° સે. |
| આહવા | ૩૯.૦° સે. | ૨૧.૦° સે. |
| વલસાડ | ૩૫.૦° સે. | ૨૩.૦° સે. |
| વાપી | ૩૫.૦° સે. | ૨૩.૦° સે. |

ચોમાસામાં 125 ઇંચ વરસાદ છતા પાણી માટે વલખા



ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકા પંચાયતનાં પ્રમુખનાં ગામમાં જ લોકોને પાણી માટે વલખા

# હિંસક પ્રાણીઓનાં ભય વચ્ચે જંગલના કૂવામાંથી પાણી લાવવા મજબુર મહિલાઓ

**'હર ઘર નળ કનેક્શન' તેમજ 'સૌનો સાથ સૌનો વિકાસ'નું સૂત્ર વઘઇ તાલુકા પંચાયતનાં પ્રમુખનાં ગામમાં જ સાવ નિષ્ફળ, કુવાનું પાણી પણ દૂષિત હોવાથી અવારનવાર બીમાર પડતા બાળકો, વઘઇનાં લવાર્યા, ભેંડમાળ, આમસરવળણ, વાઘમાળ જેવા ગામમાં વર્ષોથી પાણીની સમસ્યાથી પીડાતા લોકો**

**નળ** સે જળ યોજના મુજબ પાઇપલાઇન નાખવામાં આવી પરંતુ પાણી પહોંચ્યુ નથી



સાપુતારા : રાજ્યનાં છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમિયાન 125 ઈંચ કરતા પણ વધારે વરસાદ પડતો હોવા છતાય આદિવાસી લોકોએ પાણી માટે વલખા મારવા પડે છે. જેમાં ખુદ વઘઈ તાલુકા પંચાયત પ્રમુખનાં જ ગામમાં પાણી નથી. ત્યારે આસપાસના ગામોની હાલત કેવી હશે. ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકા પંચાયતનાં બેજવાબદાર ભર્યા વલણનાં પગલે લોકોમાં ચૂંટાયેલા નેતા અને સરકાર પ્રત્યે ખૂબ આક્રોશ જોવા મળી રહ્યો છે. ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં લવાર્યા, ભેંડમાળ, આમસરવળણ સહિત વાઘમાળ જેવા ગામોમાં છેલ્લા ઘણા વર્ષોથી લોકો પાણીની સમસ્યાથી પીડાઈ રહ્યા છે, આ ગામોમાં નળ સે જળ યોજના મુજબ પાઈપલાઈન નાખવામાં આવી છે, પરંતુ આ યોજના ક્યાંક તો અધૂરી છે અથવા તો ભાગબટાયનાં પગલે કોઈના ઘર સુધી પાણી પહોંચતુ નથી. આ ગામોમાં પાણી પૂરવઠા હસ્તકના વાસમો યોજના અંતર્ગત બનાવેલી ટાંકીમાં પણ પાણી નથી. જેથી આ વિસ્તારમાં પાણીની યોજનાઓ ઠગારી નીવડી છે. આ વિસ્તારનાં લોકોને ગામની બહાર જંગલમાં આવેલા કૂવામાં પાણી લેવા માટે જવુ પડે છે. આ ગામોની મહિલાઓએ ઘરનાં કામ છોડીને જંગલમાં વસતા હિંસક પ્રાણીઓનાં ભય વચ્ચે કૂવામાં પાણી લેવા માટે જવુ પડે છે. અને કુવાનું પાણી પણ એટલું દૂષિત છે કે બાળકો અવારનવાર બીમાર પડી જાય છે. જેમાં પૈસાદાર માણસો પૈસા ખર્ચીને પાણીનું ટેન્કર મંગાવે છે. જ્યારે ગરીબ લોકો છેલ્લા ઘણા વર્ષોથી આજ સ્થિતિમાં જીવી રહ્યા છે.

આ એવા ગામો છે જ્યાંથી લોકોએ ભાજપ પક્ષમાંથી તાલુકા સદસ્ય તરીકે ચંદરભાઈ ગાવીતને બહુમતીથી ચૂંટીને લાવ્યા અને ભાજપાએ ચંદરભાઈ ગાવીતને વઘઈ તાલુકા પંચાયતનાં પ્રમુખનું કમાન પણ સોંપ્યુ. ત્યારે લોકોને આશા જાગી કે હવે અમારી સમસ્યા દૂર થશે. પરંતુ ચંદરભાઈ ગાવીત તાલુકા પંચાયતનાં પ્રમુખ બન્યા બાદ તેઓનાં વિસ્તારનાં ગામોની સમસ્યા ભૂલી ગયા હોય એવુ લાગે છે. લવાર્યા ગામ નેતાનું ગામ તરીકે ઓળખાય છે. અને આજ ગામની મહિલાઓએ આજે પાણી માટે વલખાં મારવા પડે છે જેને લઈને પ્રમુખ ચંદરભાઈ ગાવીત સહીત વઘઇ તાલુકા પંચાયત પ્રત્યે લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

**પાણીની સમસ્યા માટે કામ ચાલુ છે**

વઘઇ તાલુકા પંચાયતનાં પ્રમુખ ચંદર ગાવીતનું કહેવુ છે કે પાણીની સમસ્યા માટે કામ ચાલુ છે. પાણીની સમસ્યા ટૂંક સમયમાં હલ થઈ જશે. ત્યારે તાલુકા પંચાયતનાં પ્રમુખનાં ગામ સહીતનાં વિસ્તારમાં પાણીની સમસ્યા હલ થશે કે પછી વર્ષોથી ચાલી આવેલી સ્થિતિ જ યથાવત રહેશે તે આવનાર સમય જ બતાવશે.

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

# 11 વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરનાર 70 વર્ષના વૃદ્ધને અંતિમ શ્વાસ સુધીની કેદ

**આરોપીને** સખત જેલની સજા ઉપરાંત રૂપિયા 90 હજારનો દંડ પણ ફટકારાયો



વલસાડ : વાપીના ડુંગરી ફળિયામાં બિસ્કીટ, ચોકલેટ, દુધ વેચનાર એક દુકાનદારે ખરીદી કરવા આવતી 11 વર્ષની માસૂમ બાળકી સાથે પહેલાં શારીરિક છેડછાડ અને પછી તેની સાથે દુષ્કર્મ કર્યું હતુ. આ ઘટના સંદર્ભે બાળકીની માતાને જાણ થતાં તેણે દુકાનદાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. આ કેસ વાપીની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાલ્યો હતો. જેમાં ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ ટી.વી.આહુજાએ આરોપીને અંતિમ શ્વાસ સુધીની સખત કેદ અને રૂપિયા 90 હજારનો દંડ ફટકારતો ચૂકાદો આપ્યો હતો.

વાપીના ડુંગરી ફળિયા અહલે હદીજ મસ્જિદની બાજુમાં પરચૂરણ સામાન વેંચતો અસાર અલીખાન જૈનુલ્લા ખાન ઉર્ફે લંબુચાચા ભંગાર વાળાએ દુકાનમાં ખરીદી કરવા આવતી 11 વર્ષની માસૂમ બાળકીને બે વર્ષ અગાઉ એટલે કે 2022ના મે માસમાં 20 તારીખ પહેલાં બિસ્કીટ ચોકલેટ આપવાના બહાને અંદર બોલાવી તેની સાથે શારીરિક છેડછાડ કરી હતી. પહેલાં બાળકીને કંઇ ખબર પડી ન હતી. ત્યારબાદ તેણે વધુ બે વખત તેની સાથે શારીરિક છેડછાડ કર્યા બાદ તેની સાથે દુષ્કર્મ કરતા તેણીએ આ સંદર્ભે તેની માતાને જાણ કરી હતી. આ ઘટનાની જાણ થતાં તેની માતાએ અસારઅલીખાન ઉર્ફે લંબુ ચાચા વિરૂદ્ધ ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બનાવ સંદર્ભે ગત તા.21 મે 2022 ના રોજ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી. આ કેસ વાપીની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં જજે આરોપી અસારઅલીખાન ઉર્ફે લંબુ ચાચાને કસૂરવાર ઠેરવી તેની 70 વર્ષની ઉંમરે તેને અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારતો હુકમ કર્યો હતો. આ સાથે તેને રૂપિયા 90 હજારનો દંડ પણ ફટકાર્યો હતો.

**ભોગ બનનાર બાળકીને રૂપિયા 6 લાખનું વળતર**

વાપીની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં ચાલેલા 11 વર્ષની બાળકી સાથે દુષ્કર્મના કેસમાં કોર્ટે આરોપીને અંતિમ શ્વાસ સુધીની સજા તો ફટકારી છે, પરંતુ આ સાથે જજ ટી.વી.આહુજાએ બાળકીને રૂપિયા 6 લાખનું વળતર ચૂકવવાની વાત પણ ચૂકાદામાં જણાવી છે. આ સિવાય જો આરોપી અસારઅલીખાન રૂપિયા 90 હજારનો દંડ ભરે તો આ દંડની રકમ પણ ભોગ બનનાર બાળકીને આપવાનો તેમણે હુકમ કર્યો હતો.



# રત્નકલાકારોને 8-9 ટકા પગાર વધારો મળતા બીજા જ દિવસે હડતાળ સમેટાઇ

**નવસારીના** સહજાનંદ એક્સપોર્ટના રત્નકલાકારોએ ભાવ વધારાની માંગને લઈ હડતાળ પર ઉતર્યા હતા

**સરકારી** શ્રમ અધિકારીએ મધ્યસ્થી કરતા એક દિવસમાં જ હડતાળ સમેટાઇ ગઈ



પ્રતીકાત્મક તસવીર

નવસારી : સહજાનંદ એક્સપોર્ટના રત્નકલાકારોએ ભાવ વધારાની માંગને લઈ હડતાળ પર ઉતર્યા હતા. જોકે ડાયમંડ કંપનીના સંચાલકોએ 8-9 ટકા પગાર વધારો કરતા રત્નકલાકારોએ બીજા જ દિવસે હડતાળ સમેટી લીધી હતી.

સુરતમાં ભાવ વધારાને પગલે રત્નકલાકારો હડતાળ પર ઉતર્યા હતા. જેના પડઘા નવસારીમાં પણ પડ્યા હતા. જેથી નવસારીના શાંતાદેવી વિસ્તારમાં આવેલી સહજાનંદ એક્સપોર્ટના રત્નકલાકારો પણ ભાવ વધારાને લઈ ગત રોજ હડતાળ ઉપર ઉતર્યા હતા. જ્યાં રત્નકલાકારોએ કંપનીની બહાર બેસી ભાવ વધારાની માંગ કરી હતી. જ્યાં સુધી રત્નકલાકારોને જુના ભાવમાં વેતન ન ચુકવવામાં આવે ત્યાં સુધી હડતાળ ઉપર રહેવાની ચીમકી ઉચ્ચારી હતી. તો બીજી તરફ કંપનીના સંચાલકોએ વેતનમાં ભાવ વધારો કરવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. જોકે આ મામલે સરકારી શ્રમ અધિકારીએ મધ્યસ્થી કરી હતી. જેના પગલે એક દિવસની હડતાળ બાદ જ સહજાનંદ એક્સપોર્ટ કંપનીના સંચાલકોએ રત્નકલાકારોના ભાવમાં 8-9 ટકાનો વધારો કરી આપ્યો છે. સાથે જ રત્નકલાકારોને પ્રાથમિક સુવિધાઓ આપવાની લેખિતમાં ખાત્રી આપી હતી. જેના પગલે નવસારીમાં રત્નકલાકારોની હડતાળ સમેટાઇ ગઈ હતી.

# ધરમપુરનાં કાંગવીની વાડીમાં આંબાનાં ઝાડ પર દીપડીના બે બચ્ચાંની ઉછળકૂદ

**વન** વિભાગે સ્થળની આજુબાજુ ટ્રેપ તથા વિઝનવાળા કેમેરા ગોઠવ્યા

ધરમપુર : ધરમપુરનાં કાંગવી ગામના ખેડૂત બિસ્તુ ભાયજુ ગાંવિત પોતાની આંબાવાડીમાં કેરીનો પાક જોવા ગયા હતા. તે સમયે એક આંબાનાં ઝાડ પર દિપડીના બે બચ્ચાં જોવા મળ્યા હતા. જે પૈકી એક બચ્ચુ નજર સમક્ષ આંબાના ઝાડ ઉપરથી સુરિક્ષત ઉતરી નીકળી ગયું હતું. જ્યારે બીજું બચ્ચુ ત્યાં જ આંબાનાં ઝાડ પર બેસી રહેતા તેમણે વન વિભાગને જાણ કરતા મદદનીશ વન સંરક્ષક રૂચિ દવે, ધરમપુરના આરએફઓ એચ.ડી.પટેલના માર્ગદર્શન હેઠળ રાઉન્ડ ફોરેસ્ટર આંબા તથા ધરમપુર રેંજ સ્ટાફ સાથે તપાસ કરી હતી. જ્યાં દિપડીનું બચ્ચુ આંબાનાં ઝાડ ઉપર જ બેસેલુ જોવા મળ્યું હતું. સ્થળ પર વન્યપ્રાણીની સુરક્ષા જળવાઈ રહે એ અંતર્ગત વન વિભાગે અલગ-અલગ ટીમ બનાવી કાર્યવાહી હાથ ધરી હતી. સ્થળની આજુબાજુ ટ્રેપ કેમેરા તથા વિઝનવાળા કેમેરા ગોઠવી રાત્રી દરમ્યાન વોચ ગોઠવવામાં આવી હતી. વન વિભાગ દ્વારા ટીમ બનાવી દીપડી તથા બચ્ચાંને સતત દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. જ્યાં સુધી બચ્ચાંને તેની માતા દીપડી લઈ ન જાય ત્યાં સુધી સ્થળ ઉપર વોચ ગોઠવી કાર્યવાહી હાથ ધરી હતી. બીજા દિવસે સવારે તપાસ કરતાં આંબાનાં ઝાડ ઉપર કે આજુબાજુનાં વિસ્તારમાં દીપડીનું બચ્ચું કે તેની માતાની હાજરી જોવા મળી ન હતી. વધુ તપાસમાં આજુબાજુનાં વિસ્તારમાં દીપડી તથા બચ્ચાનાં ફૂટ માર્ક જણાઈ આવતા બચ્ચાંને દીપડી સુરક્ષિત રીતે લઈ ગઈ હોવાનું જણાતા વન વિભાગ અને ગ્રામજનોએ રાહતનો દમ લીધો હતો.

# કપરાડામાં ફાયર સુવિધાનો અભાવ, ભવિષ્યમાં મોટી હોનારત સર્જાય તો કોની જવાબદારી!

**આગજનીની** નવી ઘટનાના કારણે વધારે નુકસાન ન થાય તે માટે ફાયર ફાઇટર મુકવા કલેક્ટરને રજુઆત

વલસાડ : કપરાડા તાલુકામાં ફાયર ફાઈટર નહીં હોવાથી ભવિષ્યમાં આગજનીની નવી ઘટનાના કારણે વધારે નુકસાન ન થાય તે માટે તાલુકા કક્ષાએ ફાયર ફાઈટર સાધન મુકવા ડો.નિરવ પટેલે કલેક્ટર સમક્ષ માંગ કરી હતી.

હાલમાં ઉનાળાની આગઝરતી ગરમીને લીધે નાનોસરખો તણખો પણ વિકરાળ આગનું સ્વરૂપ લઈ ભારે નુકસાન પહોંચાડી શકે છે. આવી જ ઘટના કપરાડા તાલુકાના ખુબ જ આંતરિયાળ ગામ બારપુડાના ધુરાપાડાના સજ્જન કાંસુભાઈ જોગારેને ત્યાં બની હતી. જ્યાં આગામી મે મહિનામાં ઘરમાં 2 લગ્ન હોવાથી પરિવારે મહેનત કરીને જમા કરેલું અનાજ સહિત બળીને રાખ થઈ જતા 8.50 લાખનું જંગી નુકસાન થવાથી શુભ પ્રસંગ નજીક હોઈ પરિવારની હાલત ખુબ જ કફોડી બની હતી. કપરાડા તાલુકો વલસાડ જિલ્લામાં વિસ્તારની દ્રષ્ટિએ અને ભૌગોલિક પરિસ્થિતિ અને વૈવિધ્યતાની દ્રષ્ટિએ ઘણો મોટો તાલુકો છે. ફાયર ફાઈટર સાધનની સુવિધા ન હોવાથી બારપુડાની માફક આગજનીની કોઈ ઘટના બને તો મોટુ નુકસાન થવાની સંભાવનાઓ રહેલી છે. આ બાબતે સમસ્ત આદિવાસી સમાજ નવસારી જિલ્લા પ્રમુખ ડો.નિરવ પટેલે વલસાડ જિલ્લા કલેક્ટરને પત્ર લખી કપરાડા તાલુકા માટે ફાયર ફાઈટર સાધન ઉપલબ્ધ કરી આપવાની માંગ કરી છે.

# ચેક રિટર્ન કેસમાં ગોવાની કંપનીના સંચાલકને એક વર્ષની કેદ

**બેસ્ટ** પેપર મીલને ચેકની ડબલ રકમ ૩૪ લાખ વળતર તરીકે ચૂકવવા વાપી કોર્ટનો આદેશ

વાપી : વાપીની બેસ્ટ પેપર મીલ એમજી ક્રાફટ પેપર તેમજ પેપર બોર્ડ્સનું ઉત્પાદન કરે છે. ગોવાની જય માતાદી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પેપર મીલમાંથી ખરીદેલા માલના બાકી નાણાં ૧૭ લાખની ચૂકવણી માટે ગોવાની કંપની તરફથી એક ચેક આપવામાં આવ્યો હતો જે ચેક બેંકમાં જમા કરાવતા ઈન સફીશીયન્ટ ફન્ડસના શેરા સાથે ચેક પરત થયો હતો. ત્યારે વાપીની કોર્ટમાં બેસ્ટ પેપર મીલ તરફથી ફરિયાદ કરવામાં આવી હતી. જેની સુનાવણી બાદ બુધવારે વાપીની કોર્ટે આ અંગે ગોવાની કંપનીના સંચાલકને કસુરવાર ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમથી ડબલ ૩૪ લાખ રૂપિયા ફરિયાદીને ચૂકવવા હુકમ કર્યો હતો.


આ કેસની વિગત એવી છે કે, વાપીની કોર્ટમાં નેગો.ઈન્સ્ટ્રુ.એક્ટની કલમ -૧૩૮ હેઠળ બેસ્ટ પેપર મીલના ડાયરેક્ટર નિતીનભાઈ ઓઝાએ ફરિયાદ કરી હતી. ૨૦૧૦માં ચેક રિટર્નના આ કેસમાં વાપીના એડી. સિનિયર સિવિલ જજ, અને એડી. ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ આર.વી. જોટાણીયાએ ચૂકાદો આપતા આરોપી જય માતાદી ઈન્ડસ્ટ્રીઝએ પ્રોપરાઈટરી ફર્મ થ્રુ ઈટસ પ્રોપરાઈટર અયપ્પા મરાઠા ઉર્ફે પુરષોતમ ગણપત મરાઠે (રહે.ગોવા)ને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમથી ડબલ રકમ ૩૪ લાખ વળતર તરીકે ફરિયાદીને ચૂકવવા માટે હુકમ કર્યો છે.

# નવસારીમાં ગરમીનો પારો ત્રણ ડિગ્રી વધ્યો

નવસારી : નવસારીમાં ગતરોજ વાદળછાયું વાતાવરણ રહેતા ગરમીનો પારો ગગડ્યો હતો. જેથી થોડી ઠંડક રહેતા ગરમીથી રાહત મળી હતી. પરંતુ આજે ગરમીનો પારો ત્રણ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી વધ્યું હતું. જેના પગલે નવસારીમાં ગરમી વર્તાઈ હતી. બુધવારે નવસારીમાં ગરમીનો પારો 3.3 ડિગ્રી વધીને 38.2 ડિગ્રી નોંધાયો હતો. જ્યારે લઘુત્તમ તાપમાનમાં 0.7 ડિગ્રીનો વધારો થતા 19.8 ડિગ્રી નોંધાયું છે. બુધવારે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ 93 ટકા હતું. જે બપોરબાદ ઘટીને 30 ટકા જેટલું નીચું રહ્યું હતું. જોકે દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ દિશાએથી 1.1 કિ.મી. ની ઝડપે પવનો ફૂંકાયા હતા.

# પારડી હાઈવે પર મસમોટું ટેન્કર ફૂટ ઓવરબ્રિજ સાથે અથડાયું

**ફૂટ** ઓવરબ્રિજને માપણી વગર બનાવવામાં આવ્યો કે શું.. એવા અનેક પ્રશ્નો ઉઠ્યા



પારડી : પારડી ચંદ્રપુર હાઈવે પર નવા બનાવેલા ફૂટ ઓવરબ્રિજ ઉપર હાઈવે પર પસાર થતું મસમોટું ટેન્કર અથડાયા ફસાઈ ગયું હતું. ત્યારે આ ફૂટ ઓવરબ્રિજને માપણી વગર બનાવવામાં આવ્યો હોવાની લોકોમાં બૂમ ઉઠી રહી છે. ફૂટ ઓવરબ્રિજ શરૂ પણ નથી કરવામાં આવ્યો ત્યારે આવી ઘટના બનતા તંત્ર ધ્યાન દોરે તે ખાસ જરૂરી છે.

પારડી નેશનલ હાઈવે નં.૪૮ પર ચંદ્રપુર આઈટીઆઈ, ફાઉન્ટન હોટલ અને નવી મામલતદાર કચેરી પાસે મળી ૩ ફૂટ ઓવરબ્રિજની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ચંદ્રપુર આઈટીઆઈ પાસે હાઈવે પર ફૂટ ઓવરબ્રિજ બનાવાયો છે. જેનો ઉપયોગ રાહદારીઓ માટે હાઈવે ક્રોસ કરવા માટે ખુબ જ ઉપયોગી નીવડશે. પરંતુ આ ફૂટ ઓવરબ્રિજ નીચેથી હાઈવે પર પસાર થતું મસમોટું ટેન્કર ફૂટ બ્રિજ ઉપર લાગી જતા અટકી ગયું હતું. ઘટનાની જાણ પોલીસ અને હાઈવેવાળાને થતા ક્રેનની મદદે સાઈડે કરવામાં આવ્યું હતું. જોકે, આ ઘટનાને પગલે સદનસીબે મોટી દુર્ઘટના બનતા ટળી હતી. ત્યારે આ ફૂટ ઓવરબ્રિજને માપણી વગર બનાવવામાં આવ્યો છે, કે શું એવા અનેક પ્રશ્નો લોકોમાં ઉઠ્યા હતા.

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

અમરોલી રોડ શાખા : પોસ્ટ ઓફિસ પાસે, લુહાર ફળીયા, અમરોલી, સુરત-૩૯૪૧૦૭. Email: bmsura0514@centralbank.co.in

**ડિમાન્ડ નોટીસ**

૧) **શ્રી કિશોર કુમાર લાખાભાઈ વિરાણી** — તા. ૨૪.૦૩.૨૦૨૫

**સરનામું :** પ્લોટ નં. ૧૦, ઓપેરા હોમ્સ વિભાગ-૨, ગામ-કામરેજ, તાલુકા-કામરેજ, સુરત-૩૯૪૧૮૦. (ગુજરાત)

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ ૧૩(૨) નોટીસ**

૧. અમે તમારી વિનંતી અનુસાર કુલ રકમ **રૂા. ૧૦,૦૦,૦૦૦/- (રૂા. દસ લાખ પુરા)** ની ક્રેડીટની મર્યાદા સ્કીમ દ્વારા આપીએ છીએ. અને અમે અમારી **અમરોલી શાખા** દ્વારા વિવિધ ક્રેડીટની સુવિધાઓ આપેલ છે. જેની સંપૂર્ણ વિગતો નીચે પ્રમાણે છે. તમારી એવાઈડ લોનની રકમ શરતો મુજબ પાસ થયેલ.

૨. આપને જાણ કરવામાં આવે છે કે કુલ રકમ **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા) તા. ૨૯.૧૨.૨૦૨૪ થી** ચડત વ્યાજ પર માસિક વ્યાજ સાથે વસૂલીના તારીખ સુધી.

| લોન નો પ્રકાર | લોનની રકમ | રકમનું વ્યાજ માસિક દર સાથે | તા. ૨૯.૧૨.૨૦૨૪ થી કુલ બાકી રકમ |
|---|---|---|---|
| હાઉસિંગ લોન | રૂા. ૧૦,૦૦,૦૦૦/- | ૯.૬૦ % | રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- |

આપને જાણ કરવામાં આવે છે કે રકમ **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા)** વધુ વ્યાજ સાથે, તે સ્પષ્ટ કરવામાં આવ્યું કે પેનલ વ્યાજનું મુડીકરણ કરવામાં આવ્યું નથી અને એન.પી.એ.ની તારીખ પછી જમા કરાવેલી રકમ વ્યાજ જોડીને ગણતરી કરી ચુકવવા પાત્ર રહેશે.

૩. અમે તમને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી બેંક / દિશાઓ અથવા દિશાનિર્દેશો માર્ગદર્શિકા / વાયોલેનશના નિયમો અને શરતો અનુસાર લોન **નોન પર્ફોમિંગ એસેટ્ તા. ૨૯.૧૨.૨૦૨૪** તરીકે લેણાની વર્ગીકૃત કરી છે. આપને બેંકના નાણાં ભરપાઈ કરવા વારેવાર ડીમાન્ડ નોટીસ દ્વારા અને મૌખિક વિનંતિઓ દ્વારા જાણ કરવામાં આવેલ છે, છતાં આજદિન સુધી આપે રકમ પરત કરેલ નથી.

૪. કરજદાર/જામીનદારને ઉપર જણાવેલ નામ વાળા વ્યક્તિએ રકમ ચુકવવમાં કસુરવાર થતી રકમ **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા)** તા. ૨૯.૧૨.૨૦૨૪ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ સાથે, રકમની ચુકવણી માટે ફરી વખત દરખાસ્ત કરી માંગ હોવા છતા. સરફેસી એક્ટ કલમ ૧૩ (૨) હેઠળ તેઓ માંગણીની રકમ **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા)** તા. ૨૯.૧૨.૨૦૨૪ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ રીતે ગણવામાં આવેલ હતા.

૫. આપને ખબર છે કે ઉપરોક્ત લીમીટ જે આપને આપેલ છે તે નીચે પ્રમાણે મુકરર અસ્ક્યામતોથી /જામીનગીરી થી સુરક્ષિત છે.

**સુરક્ષિત મિલકતોનું વર્ણન**

જે ખુલ્લો પ્લોટ નં. ૧૦ (નવું બ્લોક નં. ૩૮૪/૨/૧૦), ક્ષેત્રફળ ૪૪.૬૧ સ્કે. મીટર, અવિભાજીત સરખા ભાગનો ક્ષેત્રફળ ૭.૧૪ સ્કે.મીટર સોઓપી અને ક્ષેત્રફળ ૨૦.૮૫ સ્કે.મીટર, કોમન રોડ અને હાઉસિંગ એસ્ટેટના નામ થી જાણીતી "ઓપેરા હોમ્સ વિભાગ-૨", જમીનો એસઆઈબી પ્લોટ નં. ૨, બ્લોક નં. ૩૮૪ (આર.એસ. નં. ૩૯૪), ક્ષેત્રફળ ૪૨૩૩૪.૦૦ સ્કે.મીટર, બિન ખેતીલાયક જમીન, ગામ-કામરેજ, સબ જિ. કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● ઉત્તરે :** સોસાયટીનો ઈન્ટરનલ રોડ, **● દક્ષિણે :** સેક્સન આર-૨, પ્લોટ નં. ૧૯, **● પુર્વે :** સેક્સન -૨, પ્લોટ નં. ૧૧, **● પશ્ચિમે :** સેક્સન -૨, પ્લોટ નં. ૯

૬. ઉપરોક્ત કારણોસર અમો આપને જણાવીએ છીએ કે **રૂા. ૧૧,૯૬,૯૮૫.૩૨/- (રૂા. અગ્યાર લાખ છન્નુ હજાર નવસો પંચ્યાસી અને બત્રીસ પૈસા પુરા)** તા. ૨૯.૧૨.૨૦૨૪ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ રીતે ગણવામાં આવેલ હતા. આ જાહેર ખબરના ૬૦ દિવસની અંદર બેંકના બાકી લ્હેણાં સંપૂર્ણ ભરપાઈ કરી દેવાં એમાં કસુર થશે તો, મુકરર મિલકત ઉપર સરફેસી કાયદા ૨૦૦૨ની કલમ ૧૩(૪) અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે. સદરહુ કાયદાની કલમ ૧૩ હેઠળ આપવામાં આવેલ સત્તાઓ ૧) સદર મુકરર મિલકતનો કબજો લઈ લીઝ પર આપી, ટ્રાન્સફર કરી એસાઈન કરી અથવા વેચીને બેંકના નાણાં વસૂલ કરી શકે છે. ૨) ઉધારકર્તાનો ધંધો ટેકઓવર કરી ટ્રાન્સફર કરી લીઝ પર આપી એસાઈન કરી વેચી શકે છે. ૩) મુકરર મિલકત જેનો અમોએ (મુકરર લેણદાર)એ કબજો લીધેલ છે, તેના વહીવટ માટે મેનેજરની નીમણૂંક કરી શકે છે. જે સંપૂર્ણ હક્કો તેના મિલકતની તબદીલી તમોએ કરેલ છે એ પ્રમાણે કરી શકશે. ૪) લેખિતમાં નોટીસ આપીને જાણાવી શકે છે કે કોઈપણ ઈસમ જેણે આપની કોઈપણ મુકરર મિલકત કબજે લીધેલ હોય અથવા કોઈપણ રકમ તમારી પાસે લ્હેણી નીકળવાની થતી હોય તે મુકરર લેણદારને આપી શકે જે સંપૂર્ણ દેવાં ભરપાઈ કરી શકવા સમર્થ હોય.

૭. ઉપરોક્ત સત્તાનો ઉપયોગ કરી મેળવેલ નાણાં સૌ પ્રથમ બધા ખર્ચાઓ, ચાર્જીસ અને ખર્ચા જે અમારા અભિપ્રાય પ્રમાણે અમોએ ખરેખર ખર્ચ કરેલ છે અથવા તેને લગતા આનુસંગિક ખર્ચાઓ બાદ કરીને પછી બેંકના ઉપરોક્ત બાકી લ્હેણાં આ નોટીસની તારીખથી નાણાં સંપૂર્ણ ભરપાઈ થાય ત્યાં સુધીના વ્યાજ સાથે અને પછી બાકી નીકળતાં જો હોય તો તે અન્ય વ્યક્તિ જે હકદાર છે તેને તેના હક્ક અને હિત પ્રમાણે અપાશે અને જો કોઈ હક્ક દાવા વાળી વ્યક્તિ નહી હોય તો ઉધારકર્તાને અપાશે.

૮. નોંધ લેશો કે તમો આ નોટીસ મળ્યા પછી આ નોટીસમાં જણાવેલ મુકરર મિલકત વેચાણથી ફેરબદલ ભાડેથી કે અન્ય કોઈપણ રીતે મુકકર લેણદારની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, આપનું ધ્યાન સરફેસી કાયદાની કલમ ૨૯ તરફ દોરવામાં આવે છે . જેમાં કાયદાનું પાલન નહીં કરવા બદલ ૧ વર્ષની જેલ અથવા દંડ અથવા બન્ને થઈ શકે છે.

૯. આપને જાણ કરવામાં આવે છે કે સરફેસી કાયદા ૨૦૦૨ મુજબ કાર્યવાહી કરી હોવા છતાં પણ અમો હક્કદારછીએ કે (૧) આપની સામે સમાંતર રીતે દાવા અરજી / કેસ કરી શકીએ છીએ અથવા ડી.આર.ટી / કોર્ટ જે હોય તેમાં જઈને બેંકના બાકી લ્હેણાં વસૂલ કરી શકીએ છીએ અથવા (૨) આપની સામે દાવા અરજી / કેસ કરીને કે ડી.આર.ટી. / કોર્ટમાં જઈને વ્યાજ સાથે વેચાણ કિંમતથી સંપૂર્ણ રકમ વસૂલ ન થાય ત્યાં સુધી જઈને વસૂલ કરી શકાશે. (૩) આપની સામે આપને કરેલ ગુના કે ભૂલ માટે કાયદાકીય રીતે ફોજદારી કાર્યવાહી કરી શકાશે.

૧૦. ઉધારકર્તાને ધ્યાનમાં પેટા કલમ(૮)ની સરફેસી એકટની કલમ ૧૩ની જોગવાઈ કરવા માટે આમંત્રિત કર્યા છે. ઉપલબ્ધ સમય બાબતમાં, સુરક્ષિત એસેટ્ રિડીમ કરવા માટે.

સહી/-
ધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

સ્થળ : સુરત
તારીખ : ૨૪.૦૩.૨૦૨૫

અસલ અંગ્રેજી થી અનુવાદ